# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2025** **Morning : 7.10 to 7.20 am**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકે તે માટે રાજ્ય સરકાર ખેલ મહાકુંભના માધ્યમથી રમતગમતને પ્રોત્સાહન આપવા કટિબધ્ધ હોવાનું જણાવતા મુખ્યમંત્રી
2. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટમાં સાયબર લેબ અને પોલીસ આવાસનું લોકાર્પણ કર્યું
3. ગાંધીનગર મહાનગરપાલિકાની જગ્યાઓ માટે આજે અમદાવાદ અને ગાંધીનગરના 60 કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાશે
4. નવી પેઢીને ભારતીય માનક વિશે જાણકારી મળી રહે તે માટે અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓ માટે જાગૃત કાર્યક્રમ યોજાયો
5. જૂનાગઢ ખાતે રાજ્યસ્તરની ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધાનો આરંભ
6. અંડર 23 સ્ટેટ-એ-ટ્રોફીની મેચમાં છત્તીસગઢને હરાવી ગુજરાત સેમીફાઇનલમાં

------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM – KHEL MAHAKUMBH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભના ત્રીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો. આ કાર્યક્રમમાં રાજ્યના ખેલમંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતીમાં મહાકુંભના બીજા તબક્કાના શ્રેષ્ઠ શાળા, જિલ્લા અને મહાનગરોને એવોર્ડ-પુરસ્કાર અપાયા. મુખ્યમંત્રીએ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કાનો પ્રારંભ કરાવતા જણાવ્યું કે, રમતવીરોને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરૂ પાડવાની રાજ્ય સરકારની નેમ છે. આગામી સપ્તાહમાં ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં શરૂ થનારા મહાકુંભ પહેલા ગુજરાતમાં શરૂ થઈ રહેલા આ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કાને રમત-ગમતનો મહાકુંભ ગણાવ્યો હતો. વધુમાં મુખ્યમંત્રી શ્રી જણાવી રહ્યા છે કે..........

### (બાઈટ- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ )

આ કાર્યક્રમમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે રમત-ગમત માટે સાધન સુવિધાઓ, તાલિમ, અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ સરળતાએ મળી રહે તે માટે રાજ્ય સરકારે રમત-ગમત માટેના બજેટમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે. ૨૦૦૨માં જે બજેટ માત્ર અઢી કરોડનું હતું તે આજે વધીને ૩૫૨ રૂપિયા કરોડ થયું છે.

--------------

## HARSH SANGHAVI – KHEL MAHAKUMBH

રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કાના પ્રારંભમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ત્યારથી રાજ્યમાં ખૂણે ખૂણે રમત ગમત ક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે. ખેલ મહાકુંભે રાજ્યના ખૂણે ખુણાના બાળકો-યુવાનોને રમત સાથે જોડવાનું કામ કર્યું છે. ડાંગના આદિવાસી વિસ્તારોથી લઈને કચ્છના સરહદી ગામડામાં વસતા બાળકો-યુવાનોને ખેલ મહાકુંભ થકી મોટો મંચ મળ્યો છે. ગુજરાતને અનેક નેશનલ–ઈન્ટરનેશનલ ખેલાડીઓ પણ મળ્યા છે.

શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રમત ગમત ક્ષેત્રે બદલાવ માટે અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. ઈન સ્કૂલ યોજનામાં ૨૩૦ શાળાઓમાં ૧ લાખ ૨૧ હજાર ૫૨૦ બાળકોને સરકારી ખર્ચે સ્પોર્ટસની તાલીમ અપાઈ રહી છે. હાલમાં ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ થકી રાજ્યમાં ૫૫૦૦ ખેલાડીઓને તાલીમ અપાઈ રહી છે. એક ખેલાડી પાછળ સરકાર ૧ લાખ ૬૮ રૂપિયાનો ખર્ચ કરે છે. ૬૨૯ એથ્લેટીસને આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમ અપાઈ રહી છે અને એક એથ્લિટ પાછળ સરકાર ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ કરે છે.

--------------

## CM – S.T.WORKSHOP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ એસ.ટી. વિભાગીય કચેરી અને ગોંડલ એસ.ટી.વર્કશોપનું ગઇકાલે ઇ-લોકાર્પણ કર્યું.

આ સાથે મુખ્યમંત્રીએ ૭ નવી હાઇટેક વોલ્વો બસનું પણ ફ્લેગ ઓફ કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે નવી વોલ્વોના કારણે પરિવહન વ્યવસ્થા વધુ સુદ્રઢ બનવાની સાથે મુસાફરોની યાત્રા વધુ આરામદાયક બનશે. આ નવી વોલ્વો બસ અદ્યતન સુવિધા ધરાવે છે.

આ પ્રસંગે મંત્રી હર્ષ સંઘવી, કુંવરજી બાવળિયા, ભાનુબેન બાબરિયા, સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

--------------

## RAJKOT- HARSH SANGHAVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ શહેરમાં નવનિર્મિત અદ્યતન સાયબર સેન્ટીનલ્સ લેબ તેમજ માઉન્ટેડ પોલીસ લાઇન ખાતે ૨ હજાર ૯૨૬ લાખના ખર્ચે નિર્મિત બી-કક્ષાના ૧૦૮ પોલીસ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે મંત્રીશ્રીએ લેબ અને આવાસોનું નિરીક્ષણ કરતા જરૂરી સૂચનો કર્યાં હતાં.

શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે અત્યારના સમયમાં ટેકનોલોજીનો અસામાજિક પ્રવૃત્તિઓમાં દુરુપયોગ થઈ રહ્યો છે, ત્યારે સાયબર ક્રાઇમ ડિટેક્ટ કરવામાં સાયબર લેબ મહત્વની ભૂમિકા ભજવશે. આધુનિક યુગમાં ડીજીટલ ફ્રોડની વધતી ચેલેન્જને પહોંચી વળવા રાજ્યની સાયબર ટીમ સતત પ્રયાસો કરી રહી છે.

--------------

# GPSC EXAM

ગાંધીનગર કોર્પોરેશનની અલગ અલગ જગ્યા માટેની આજે યોજાનારી પરીક્ષાઓ બાબતે જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર મનપાની ભરતી માટે અલગ અલગ ત્રણ પરીક્ષા લેવાશે. 15 હજાર જેટલા ઉમેદવારો પરીક્ષા આપશે. અમદાવાદ અને ગાંધીનગરના 60 જેટલા કેન્દ્રો ઉપર પરીક્ષા લેવાશે. HD કેમેરા સાથે રાખીને પરીક્ષા યોજાશે તેમ હસમુખ પટેલે જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

…………………………………

# AABHAR DARSAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે, ભાવનગર ખાતે કારડીયા રાજપૂત સમાજ દ્વારા આયોજિત આભાર દર્શન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે રાજપૂત સમાજના શૈક્ષણિક ઉત્થાન માટે સમાજ દ્વારા નિર્માણધીનમાં ભવાની સંસ્થાન માટેની જમીનમાં સરકાર દ્વારા વિશેષ રાહ આપવામાં આવી છે. જે અંગે આભાર પ્રકટ કરવા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહેશે.

--------------

# INDIAN STANDARD BUREAU

અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ભારતીય માનક મેળો યોજાયો હતો. વિજ્ઞાન, ટેક્નોલોજી અને રોજિંદા જીવનમાં માનક કેટલા ઉપયોગી છે તેની સમજ બાળકોમાં અત્યારથી કેળવાય એ માટે આ મેળાનું આયોજન કરાયું હતું..

ભારતીય માનક બ્યુરોનાં ૭૮મા સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં ભારતીય માનક બ્યુરો અમદાવાદ, સાયન્સ સિટી- અમદાવાદ તેમજ ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો..

સાયન્સ સિટીમાં આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી ૨૪ સ્કૂલના બે હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગનાં અગ્ર સચિવ મોના ખંધારે કહ્યું હતું કે, ભારતીય માનક વિશે વિદ્યાર્થીઓમાં સમજ કેળવવી જરૂરી છે.

(બાઈટ – મોના ખંધાર)

. . . . . . . . . . . . .

# AAROH-AVROHAN SPARDHA

જૂનાગઢમાં આજે ૩૯મી રાજ્યકક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઇ. રાજ્યના અલગ અલગ જિલ્લામાંથી કુલ 1 હજાર 207 સ્પર્ધકો આ સ્પર્ધામાં જોડાયા છે. આજે સવારે 7 વાગેની આસપાસ જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાએ આ સ્પર્ધાનો પ્રારંભ કરાયો. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આ સ્પર્ધામાં પ્રથમ 10 વિજેતાઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર અને મેડલ આપીને સન્માનિત કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# L D COLLEGE

રાજ્ય સરકાર એલ.ડી. એન્જીયરીંગ કોલેજને આઇ.આઇ.ટી. સમકક્ષ બનાવી વિદેશી સંશોધકો આવે તેવો રિસર્ચ પાર્ક બનાવવાની નેમ ધરાવે છે. એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ ખાતે ગ્લોબલ એલ્યુમની સમિટની અધ્યક્ષતા કરતા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકાર, આગામી

સમયમાં રાજ્યના અલગ-અલગ  ઝોનમાં નવા આઇ હબ બનાવવા સંકલ્પબદ્ધ છે.

શ્રી પટેલે શિક્ષણની ગુણવત્તાને વધુ બહેતર બનાવવાના હેતુથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદનું  આયોજન કરવાની ઇચ્છા  પણ વ્યક્ત કરી હતી.

--------------

## CRICKET

બીસીસીઆઇ દ્વારા આયોજીત અંડર 23 સ્ટેટ-એ-ટ્રોફીની ક્વાર્ટર ફાઇનલ મેચ ગુજરાત અને છત્તીસગઢ ટીમ વચ્ચે કોલકાતા ખાતે રમાઈ હતી. જેમાં ગુજરાતની ટીમ 183 રને જીતી હતી. પ્રથમ બેટિંગ કરતાં ગુજરાતે 9 વિકેટે 316 રન કર્યા હતા.  જયમીત  પટેલે 84 રન રિષિ પટેલે 78 રન અને ક્રિષ ગુપ્તાએ 46 રન કર્યા હતા. વિકલ્પ તિવારીએ બે વિકેટ ઝડપી હતી. છત્તીસગઢની ટીમ 133 રનમાં આઉટ થઇ હતી. વિકલ્પ તિવારીએ 27 રન કર્યા હતા.  જય માલુસરે અને ક્રિષ ગુપ્તા 3-3 વિકેટ લીધી હતી. સરલ પ્રજાપતિએ બે વિકેટ ઝડપી હતી.

--------------

## BHUJ – SAMIKSHA BETHAK

ભુજ ખાતે ગુજરાતના પ્રવાસન સચિવ  રાજેન્દ્રકુમારના અધ્યક્ષસ્થાને કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા કામગીરીની સમીક્ષા અંગે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પ્રવાસન વિભાગના સચિવ રાજેન્દ્રકુમારે કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ધોરડો સફેદ રણ અને ધોળાવીરા ખાતે થયેલી સફાઈની કામગીરીને બિરદાવી હતી.  ધોરડો અને ધોળાવીરાને પ્લાસ્ટિક ફ્રી ઝોન જાહેર કર્યા બાદ પ્લાસ્ટિકનો કચરો એકઠો કરીને જીપીસીબી અને અન્ય ખાનગી કંપનીઓના સહયોગથી કોડીનાર મોકલવામાં આવી રહ્યો છે. કચ્છ જિલ્લા વહીવટીતંત્રની આ પહેલને પ્રવાસન સચિવે બિરદાવીને જણાવ્યું હતું કે, રોડ ટુ હેવન અને ધોરડો પ્લાસ્ટિક ફ્રી ઝોન જાહેર કર્યા બાદ હવે માંડવીના દરિયાકિનારા સહિતના વિસ્તારને પણ પ્લાસ્ટિક ફ્રી ઝોન જાહેર કરવા માટે ત્વરિત પગલા લેવામાં આવશે.

--------------

## BANASKANTHA - NASHAMUKTI

બનાસકાંઠાના સુઈગામ ખાતે નશામુક્તિ અંગે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નશામુક્તિ અંગેની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, મેડિકલ ઓફિસરો અને આશાવર્કર બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં તબીબી અધિકારીએ જણાવ્યું હતું કે, દર વર્ષે ગુજરાતમાં અને દેશમાં હજારો લોકો નશાને કારણે મૃત્યુ પામે છે. આવી સ્થિતિમાં આવા કાર્યક્રમો દ્વારા જાગૃતિ ફેલાવવી ખૂબ જ જરૂરી છે.